# મીના બજાર બન્યું ગંદકી બજાર

## અનેક ઠેકાણે કચરાના ઢગ અને કાદવ કિચડ : બજારની આસપાસ ખુલ્લી જગ્યામાં લઘુશંકા કરતા તત્ત્વોથી ગંદકીમાં વધારો : રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના જુના સચિવાલય પાછળ મીના બજારમાં ગંદકીના થર વધી રહ્યાં છે. આ સાથે અહીં પાણીની પાઈપલાઈનમાં પણ લીકેજ સર્જાવાથી ગંદકીનું સામ્રાજય વધી રહ્યું છે જેના કારણે રોગચાળાની દહેશત ફેલાવા પામી છે.

ડૉ. જીવરાજ મહેતા ભવનની બાજુમાં વર્ષોથી વિકસેલ પરંપરાગત મીના બજાર શહેરમાં અગત્યનું સ્થાન ધરાવે છે. માત્ર સચિવાલયના કર્મચારીઓ જ નહીં પરંતુ ગાંધીનગરના નગરજનો પણ કિફાયતી ભાવે રોજીંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા મીના બજાર પર પસંદગી ઢોળે છે. આ કારણે મીના બજારમાં ખાસ કરીને ઓફિસ ટાઈમ દરમિયાન ભારે ભીડ જોવા મળતી હોય છે જે રિસેશ કે ઓફિસ છુટવાના સમયે બમણી થઈ જાય છે. આટલા ભરચક બજારમાં ગંદકીનો ફેલાવો પણ એટલો વધી રહ્યો હોવાથી બજારના મુલાકાતીઓ તથા વેપારીઓ પરેશાનીનો સામનો કરી રહ્યાં છે. મીનાબજારમાં ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે અને સાથે દુર્ગંધ પણ ફેલાઈ રહી છે. મીનાબજારમાં અનેક ઠેકાણે ગંદકીના ઢગ વચ્ચેથી મુલાકાતીઓને પસાર થવું પડી રહ્યું


(તસવીર : કશ્યપ નિમાવત)

છે.જેના કારણે રોગજન્ય જીવાણુઓના શિકાર બનવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. મીના બજારમાં સરેરાશ અવરજવર પણ વધુ રહેતી હોવાથી ગંદકીના કારણે વધી રહેલા રોગજન્ય વિષાણુઓના કારણે રોગચાળો ફેલાઈ શકે તેવી દહેશત સેવાઈ રહી છે.

મીના બજારમાં પાણીના સપ્લાય માટેની અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનમાં પણ કેટલેક ઠેકાણે લીકેજ હોવાની સંભાવના જોવા મળી રહી છે. આ લીકેજના કારણે કેટલીક જગ્યાએ જમીનમાં કાદવ કિચડ અને પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે જયાં મચ્છરની ઉત્પત્તિ થવાની શકયતાઓ રહેલી છે. સતત મુલાકાતીઓની અવર જવરના કારણે મીનબજારમાં વ્યાપેલી ગંદકી વધુ જોખમરૂપ બની રહી છે. વળી અહીંના ખાણીપીણીના વેપારીઓ દ્વારા ડસ્ટબીનની વ્યવસ્થા પોતપોતાના એકમો પર કરાયેલી છે પરંતુ અન્ય વ્યવસાયિક એકમો કે જાહેર ડસ્ટબીનની વ્યવસ્થા ન હોવાથી પણ મુલાકાતીઓ કચરો ગમે ત્યાં ફેંકી દે છે જેના કારણે પણ અસ્વચ્છતામાં વધારો થઈ રહ્યો છે. સત્વરે મીના બજારમાં જાહેર ડસ્ટબીનની વ્યવસ્થા કરવામાં આવે તથા તેને નિયમિત સાફ કરી ખાલી કરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. મીના બજારમાં જાહેર શૌચાલયની વ્યવસ્થા હોવા છતા અનેક મુલાકાતીઓ આસપાસની ખુલ્લી જગ્યા અને કુદરતી ઝાડીઓમાં મળ મૂત્ર વગેરે ત્યાગ કરતા હોવાથી પણ ગંદકીમાં વધારો થઈ રહ્યો છે. આ તત્ત્વો સામે કડક હાથે કાર્યવાહી કરાય તેવી પણ બજારના વેપારીઓમાં માંગ પ્રવર્તી રહી છે.

### @ગાંધીનગર

● સેકટર-૨૨ જૈન દેરાસરના આરાધના ભવન ખાતે ચાર દિવસ રોજ સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન પૂ. આચાર્ય કલ્યાણબોધી સૂરીશ્વરજી મ.સા.નું જાહેર પ્રવચન યોજાશે.

● સેકટર-૧૭ અંબિકા ચોક ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન ફૂલશંકર શાસ્ત્રીજી મહારાજની વ્યાસપીઠે શ્રીમદ ભાવગત સપ્તાહ અંતર્ગત ચોથા દિવસે વામન ચરિત્ર અને રામ-કૃષ્ણ જન્મ કથા તેમજ રાત્રે ૮.૦૦ કલાકે આનંદના ગરબા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## રંગોલી સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે

રંગોલી સ્કૂલ દ્વારા આગામી તા. ૨૬મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૩.૧૫ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય સંસ્કાર અંતર્ગત કોમી એખલાસ, વડીલોનું માન-સન્માન, શાંતિ વિવિધતામાં એકતા સહિતની થીમ પર કાર્યક્રમનું આયોજન કરાશે. જેમાં રંગોલી સ્કૂલ સેકટર-૬, સેકટર-૭ અને સેકટર-૨૨ની શાળાઓ પણ ભાગ લેશે.

## સેંટ ઝેવિયર્સ શાળાનો વાર્ષિકોત્સવ યોજાશે

સેંટ ઝેવિયર્સ દ્વારા આગામી તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૧૫ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે ૪૬માં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ૪૬માં વાર્ષિકોત્સવની ઉજવણીમાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. વાર્ષિક ઉત્સવની ઉજવણીમાં ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ સેંટ ઝેવિયર્સ શાળાના થોમસ લુકા, પલ્લવી વૈષ્ણવ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

## સે-૧૨ બલરામ મંદિરમાં લયબદ્ધ શ્વસન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૪

તાવરિયાજી ગૃપ ગાંધીનગર દ્વારા તા. ૨૬ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન સવારે ૮.૦૦ કલાકે સેકટર-૧૨, બલરામ મંદિર ખાતે લયબદ્ધ શ્વસનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંપૂર્ણ સ્વાસ્થ્ય અંગે શારિરીક, માનસિક અને આધ્યાત્મિક પધ્ધતિઓ વિશે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે જેનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આંગણવાડી બહેનોના ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાની આંગણવાડી બહેનોએ આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ધરણા યોજ્યા હતા. પોતાની પડતર માંગણીઓનો યોગ્ય ઉકેલ ન આવતા બહેનોએ ધરણાનું શસ્ત્ર ઉગામ્યું હતું અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી પોતાના પ્રશ્નોની રજુઆત કરી હતી. જેમાં આંગણવાડી કાર્યકર હેલ્પરોને સરકારી કર્મચારી જાહેર કરો, વેતનમાં વધારો કરો, પ્રોવિડંડ ફંડના લાભ આપવા સહિતની રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા આંગણવાડી કર્મચારી સંઘ અને ભારતીય મજદુર સંઘના નેજા હેઠળ આંગણવાડી બહેનોએ શહેરમાં પોતાની


(તસવીર : કશ્યપ નિમાવત)

પડતર માંગણીઓને લઈ ઘ- ૦ થી ઘ - ૩ સુધી રેલીની મંજુરી તંત્ર સમક્ષ માંગી હતી. પરંતુ વિધાનસભા સત્ર શરુ હોવાથી તંત્ર એ મંજુરી ન આપતા સત્યાગ્રહ છાવણી ખાતે આજે આંગણવાડીની બહેનો મોટીસંખ્યામાં એકઠી થઈ હતી. બહેનો સુત્રોચ્ચાર કરતા વાતાવરણ ગુંજવી મુક્યુ હતુ. સત્યાગ્રહ છાવણી ખાતે એકત્ર થયેલી બહેનો એ જિલ્લા કલેકટરન સહિત લાગતા વળગતા તંત્રને આવેદન પત્ર આપીને રજુઆત કરવામાં આવી છે. જેમાં વર્ષોથી પડી રહેલા પશ્નોમાં કાર્યકરો તેમજ હેલ્પરને ગ્રેજ્યુટીનો લાભ, મેડીકલ સહાય,નિવૃત થતા આંગણવાડી કર્મચારીને રુ.૧,૭૫,૦૦૦ આપવા જાહેર કરેલું છે તેનું અમલીકરણ કરી નાણા ચુકવવા, આંગણવાડીનો સમય સવારે ૧૧ કલાકનો કરવો. સેવા નિવૃતિની વય ૬૦ કરવી, દિવાળી વેકેશન અને ઉનાળુ વેકેશન એક સાથે આપવા, પોલીયોની કામગીરીના રુ.૧૦૦ આપવા, રાષ્ટ્રીય વસ્તી ગણતરીનુ કામ આઈસીડીએસના કાર્યક્ષેત્રના બહારનું છે તે કામ કરવા બ્લોક દીઠ રુ.૫૦૦૦ આપવા, જિલ્લાના આંગણવાડી કાર્યકરોને (મુ.સે) સુપર વાઈઝર તરીકે પ્રમોશન આપવા તેમજ પ્રમોશનમાં ઉંમરનો બાધ ના હોવો જોઈએ આ સહિતની અનેક રજુઆતો કરવામાં આવી છે. આ રજુઆતનો યોગ્ય નિર્ણય યોગ્ય સમય મર્યાદામાં આવે તેમ ભારતીય મજદુર સંઘના મહિલા મંત્રી જયશ્રીબેન રાઠોડે જણાવ્યું હતું.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવાયો





ગાંધીનગર, તા.૨૪

મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનની યાદમાં દર વર્ષે ૨૮ ફેબ્રુઆરી ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિન' તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે આ દિવસની ઉજવણીના ભાગરૂપે ફેબ્રુઆરી માસમાં વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિવિધ કાર્યક્રમો જેવા કે પોપ્યુલર લેકચર, સાયન્સ ફિલ્મ શૉ, સાયન્સ મોડેલ પ્રદર્શન, સાયન્સ વર્કશોપ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે પગાર કેન્દ્ર શાળા સેકટર-૨૩ ખાતે સાયન્સ મોડેલ અને પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન પ્રદર્શનમાં વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતો સમજાવતા ૨૦ જેટલા વિવિધ મોડેલ્સ મુકવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ રસપૂર્વક મોડેલ નિહાળ્યા હતા અને તેના સિધ્ધાંતને સમજવા પ્રયત્નો કર્યા હતા. આ ઉપરાંત એચ૧એન૧ સ્વાઈન ફલુ જાગૃતિ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. જેમાં સ્વાઈન ફલુને લગતા ૩૦ જેટલા ચાર્ટસ મુકવામાં આવ્યા હતા. સ્વાઈન ફલુ થવાના કારણો, તેના લક્ષણો તેમજ તેની અસરો વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્કિદ મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને એચ૧એન૧ સ્વાઈન ફલુ વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ આ રોગથી બચવા માટેના ઉપાયો વિશે જાણકારી આપવામાં આવી હતી. આ પ્રદર્શનને શાળાના ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ રસપ્રદ રીતે નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા હંસાબેન પટેલ વિજ્ઞાન શિક્ષક ધવલ પટેલ તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

## યુથ હોસ્ટેલ દ્વારા સાસણ ગીર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૬ થી ૨૯ ફેબ્રુઆરી દરમિયાન સાસણ ગીર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં વન્ય પ્રાણી નિરીક્ષણ, ટ્રેકીંગ, પક્ષી દર્શન, સિંહ સદનની મુલાકાત, વાઈલ્ડ લાઈફ ફિલ્મ શૉ, દેવળીયા પાર્ક, સિંહ દર્શન, સીદી ધમાલ નૃત્ય, કેમ્પ ફાયર સહિતના કાર્યક્રમો યોજાશે. આ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુકોએ યુથ હોસ્ટેલના ચેરમેન ચૈતન્ય નિમાવત ૯૪૨૬૪૦૧૭૦૧ અને પ્રિયાંક પરમાર અને જે.બી. સાધુનો સંપર્ક કરવા જણાવાયું છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા સેકટર-૧૬ સ્થિત સિધ્ધાર્થ લૉ કોલેજ ખાતે 'તણાવમુકત જીવન' અંતર્ગત વિદ્યાર્થીઓ માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજના ઝડપી અને ભૌતિક યુગમાં સફળતાની વધુ નજીક જવા તણાવમુકત રહેવાની પુરી જરૂરીયાત છે જે દ્વારા માનવી પોતાના કાર્યક્ષેત્ર અને પરિવારમાં હર્ષોલ્લાસથી રહી શકે છે. આ પ્રસંગે લૉ કોલેજના સોનલબેન મેવાડાએ કાર્યક્રમની શરૂઆતમાં પ્રસ્તાવના સાથે હાજર બ્રહ્માકુમારીઝ બહેનોનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

## ચૌધરી પ્રાથમિક શાળાની શિક્ષિકાને રાજયપાલના હસ્તે એવોર્ડ

ગાંધીનગર, તા.૨૪

સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રાજભવન ખાતે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ સમારોહમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયના શિક્ષિકા અંજનાબેન ચૌધરીને રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે મેડલ ઓફ મેરીટનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. શાળાના શિક્ષિકા અંજનાબેન ચૌધરીને અખિલ આંજણા કેળવણી મંડળ તેમજ શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### વાતવાતમાં

● આજે વડાપ્રધાનના માતૃશ્રી હિરાબાને શ્વાસમાં સામાન્ય તકલીફ જણાતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ચેકઅપ માટે લવાયા હતા. ફરજ પરના તબીબે તેમને તપાસી જરૂરી દવાઓ-સલાહ સૂચન આપ્યા હતા.

● સે-૧૭-૨૨ સ્ટેન્ડ નજીકથી સ્કૂટર લઈને પસાર થઈ રહેલા એક એનઆરજી સજ્જનને એક કાર ચાલકની સામાન્ય ટકકર વાગતા પડી જવા પામ્યા હતા. માત્ર ત્રણ-ચાર દિવસથી વતનની મુલાકાતે આવેલ એનઆરજી સજ્જનના મુખેથી 'ભારતમાં તો કોઈને ટ્રાફિક લેનની સેન્સ જ નથી' જેવા શબ્દો સરી પડયા હતાં.

● હવે નગરના સ્કૂટર-બાઈક સવારોએ પોલીસના હેલ્મેટ-ડ્રાઈવ અભિયાન સાથે પનારો પાડી લેવાનું શીખી લીધું છે. પોતાના વાહન પર હેલ્મેટ ટીંગાડી રાખી જયારે દૂરથી પોલીસ ઉભેલી દેખાય એટલે સલામત અંતરે વાહન થોભાવી હેલ્મેટ પહેરી પસાર થવાનો કિમિયો આ વાહનચાલકો અજમાવી રહ્યાં છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## ડીડી ગિરનાર ચેનલ પર ડૉ. બાબા સાહેબ આંબેડકર અને ભારતીય સંવિધાન વિષય અંગે વાર્તાલાપ

ગાંધીનગર, તા.૨૪

દુરદર્શ (ડીડી ગિરનાર) ચેનલ પરથી આગામી તા. ૨૬મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સામાજીક ન્યાય શ્રેણી હેઠળ ડૉ. બાબા સાહેબ આંબેડકર અને ભારતીય સંવિધાન વિષય પર એક મુલાકાત આધારિત કાર્યક્રમ પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં નિવૃત્ત અધિક જિલ્લા ન્યાયાધીશ કે.બી. રાઠોડ સંવિધાન ઘડતરમાં રહેલી ડૉ. બાબાસાહેબની સંવિધાનના શિલ્પી તરીકેની મહત્વ પૂર્ણ ભૂમિકા, સંવિધાનમાં હક્કો, ફરજો તથા અસ્પૃશ્યતા નાબુદી માટેની જોગવાઈઓ વિશે માહિતી આપશે. જયારે નિવૃત્ત સંયુકત માહિતી નિયામક નટુભાઈ પરમાર શ્રેણીબધ્ધ સંવિધાન સભાઓમાં ડૉ. બાબાસાહેબ સંવિધાન વિષે રજૂ કરેલા અવલોકન, આગાહીઓ, ભયસ્થાનો વિષે રજુ કરેલા તથા ભારતીય સંવિધાનની મૌલિકતા વિષે ઉઠાવાતા સવાલો વિષે વાત કરશે. પુનઃ પ્રસારિત કાર્યક્રમ એજ દિવસે બપોરે ૨.૦૪ કલાકે ડીડી ગિરનાર પર પ્રસારિત કરાશે.

# વસંતોત્સવમાં કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય

## હસ્તકલા, માટીકલા, પેઈન્ટીંગ તેમજ રજવાડી આર્ટના બેનમૂન નમૂનાઓ નીહાળવા નાગરીકોની ભીડ

ગાંધીનગર, તા. ૨૪

સંસ્કૃતિકુંજ ખાતે વસંતોત્સવની ઉજવણી અન્વયે કલા અને સંસ્કૃતિનું અનોખો સમન્વય જોવા મળી રહ્યો છે. સંસ્કૃતિકૂંજમાં વિવિધ પ્રાંતના લોકનૃત્યોની રંગત જમાવતા કલાકારોની સાથે કલાત્મકચીજ વસ્તુઓના બેનમૂન નમૂનાઓ મુલાકાતીઓ માટે અનન્ય આકર્ષણનું કેન્દ્ર બને છે. હસ્તકલા, માટીકલા તેમજ પેઈન્ટીંગ અને બ્રાસ હેન્ડી ક્રાફટની રજવાડી આર્ટની ચીજવસ્તુઓ નિહાળવા અને ખરીદવા કલારસિકોમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે.

ગાંધીનગરના આંગણે સંસ્કૃતિકૂંજ ખાતે વસંત ઉત્સવની ઉજવણીનું પ્રારંભ થઈ ચુકયો છે. વસંત ઉત્સવમાં કલા અને સંસ્કૃતિના બેનમૂન નમૂના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સંસ્કૃતિ કુંજના મંચ પરથી સાંજના સમયે કલાકારો દ્વારા રજુ થતા સાંસ્કૃતિક નૃત્યો નિહાળીને પણ શ્રોતાઓ દંગ થઈ ગયા છે. કલાકારો દ્વારા વિવિધ પ્રાંતના લોકનૃત્યો આગવી અદાથી રજુ કરવામાં આવી રહ્યા છે. જેમાં તલવાર નૃત્યુ, લાવણી નૃત્યુ, ડાંગ નૃત્ય, બિહુ નૃત્ય સહિતના વિવિધ લોકનૃત્યો નિહાળવા કલા રસિકોની ભીડ ઉમટે છે. બીજી તરફ કલા અને સંસ્કૃતિનો





ભવ્ય વારસો ધરાવતા સંસ્કૃતિ કૂંજમાં કલાત્મક ચીજવસ્તુઓના વેચાણ માટે ૧૫૦થી પણ વધુ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. હસ્તકલા, કેન્વાસ પેઈન્ટીંગ, માટીકલા, બ્રાસ હેન્ડી ક્રાફટના રજવાડી કલાત્મક નમૂનાઓ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સાથોસાથ કલા અને સંસ્કૃતિની અભિવ્યક્તિનું માધ્યમ બનેલા વસંતોત્સવમાં સમાજને બેટી બચાવોનો પણ સંદેશ પાઠવવામાં આવે છે.

આ કલાત્મક ચીજવસ્તુઓમાં રાજસ્થાનમાં તૈયાર કરવામાં આવતા માટીના વાસણોમાં વિવિધ પ્રકારની વસ્તુઓ જેવી કે માટીની ફૂલદાની, તાવડી, હાંડી, શો પીસ, પાણીના સફેદ માટલા, પાણીના જગ સહિતની અવનવી કલાત્મક વેરાઈટીઓ જોવા મળી રહી છે. ઉદેપુરથી આવેલા લાઈવ સ્કેચર વિનોદ નંદવાનાએ જણાવ્યું હતુ કે ૧૫ મિનિટમાં આબેહૂબ સ્કેચ બનાવી લઉ છુ. અહી આવતા મુલાકાતીઓ પોતાનો સ્કેચ તૈયાર કરાવે છે.

સંસ્કૃતિકૂંજમાં વિવિધ જગ્યાઓ ઉપર તૈયાર થતી ખાસ પ્રકારની કલાત્મક વસ્તુઓ જેવી કે હરીયાણાની જૂતીઓ, રાજસ્થાની કૂર્તીઓ, જયપુરની બંગડીઓ, ઝારખંડની તસરસીલ્કની સાડીઓ, કચ્છ અને જેતપુરની બાંધણી, કશ્મીરી વર્કના કપડા, જયપુરના બ્રાસ હેન્ડી ક્રાફટની અવનવી કલાત્મક વસ્તુઓના સ્ટોલ પર ઢળતી સાંજે ખરીદી માટે ભીડ જામે છે.

સંસ્કૃતિકૂંજના આંગણે હસ્તકલાના આધારે તૈયાર કરાયેલા પેન્ટીંગમાં પણ જુદા જુદા પ્રકારની વેરાઈટીઓ જોવા મળી રહી છે. અજમેરથી આવેલા વર્ષા નાગવંશીએ જણાવ્યું હતું કે મારા સ્ટોલમાં વેલવેટ હેન્ડ પેન્ટીંગ, જેમ સ્ટોન પેન્ટીંગથી તૈયાર કરાયેલા વિવિધ કલાત્મક નમૂનાઓ ઉપરાંત વોલપીસ તરીકે ઉપયોગમાં લેવાતા કેન્વાસ પેન્ટીંગની કલાત્મક કૃતિઓ નિહાળવા પણ મુલાકાતીઓની ભીડ જામે છે. સંસ્કૃતિ કૂંજના અન્ય સ્ટોલમાં ભરૂચ જિલ્લાના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ વાંસના ફર્નિચર સાથે વાંસની ફૂલદાની, વાંસની ટોપલીઓનું પણ સમાવેશ થાય છે. તેમજ આદિવાસી હસ્તકલા નવસારી દ્વારા વારલી પેઈન્ટીંગનના નમુનાઓ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

## શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ઝળકયા

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકારના ખેલ મહાકુંભ અંતર્ગત હિંમતનગર ખાતે યોજાયેલ સ્પેશ્યલ ઓલમ્પિક રમતોમાં શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય, અડાલજનાં ઠાકોર મેલાજી પ્રહલાજી ૫૦ મીટર દોડમાં રાજયમાં દ્વિતીય વિજેતા થતાં રૂ. સાત હજારનો ચેક અને મેડલ તથા ગાંધીનગર જિલ્લામાં પ્રથમ વિજેતા બનતા રૂ. પાંચ હજારનો ચેક અને મેડલ હાંસલ કર્યા છે.

જિલ્લા કક્ષાની ગાંધીનગર ખાતે યોજાયેલ સો મીટર દોડમાં મેઘવાલ ગિરધારી જાનુંજી દ્વિતીય વિજેતા બનતા રૂ. ત્રણ હજારનો ચેક તથા મેડલ, સો મીટર વોકમાં ઠાકોર ઋત્વિક ચુંથાજી દ્વિતીય વિજેતા બનતા રૂ. ત્રણ હજારનો ચેક તથા મેડલ, ૫૦ મીટર વોકમાં દંતાણી મયુર અશોકભાઈ તૃતીય વિજેતા બનતા રૂ. બે હજારનો ચેક તથા મેડલ અને મકવાણા અર્જુન ગોવિંદજી બસો મીટર દોડમાં તૃતીય વિજેતા બનતા રૂ. બે હજારનો ચેક તથા મેડલ હાંસલ કર્યા છે. આ વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં શિક્ષીકા ગીતાબેન રાઠોડ અને શાળાના વ્યાયામ શિક્ષક મોતીભાઈ રબારીએ માર્ગદર્શન પુરું પાડયું હતું. આ ચારેય વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભમાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ શાળા પરિવાર અને સંચાલક મંડળે અભિનંદન પાઠવ્યા છે.

### ચિરવિદાય

- સ્વ. દેવલબેન જગમલભાઈ રબારી, ઉ.વ. ૬૦
- સ્વ. હિરાબેન શંકરલાલ તિરગર, ઉ.વ. ૬૩
- સ્વ. ઠાકોર આતાજી અમથાજી, ઉ.વ. ૬૦
- સ્વ. અમિન જોઈતીબેન શિવાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. હિરાબેન મનસુખરામ મોદી, ઉ.વ. ૮૦
- સ્વ. ભાવનાબેન પ્રવિણચંદ્ર શુકલ, ઉ.વ. ૪૮
- સ્વ. તેજુબા હેમતુજી વાઘેલા, ઉ.વ. ૬૫
- સ્વ. અમરતલાલ લાલજીભાઈ સોલંકી, ઉ.વ. ૭૮
- સ્વ. કાશીબેન વસાજી ઠાકોર, ઉ.વ. ૭૫